**નવસારી મહાનગર, મહાવિકાસના મહાઆભમાં વિકાસની ઊંચાઈઓ આંબવા તલપાપડ**

# સીમાડે પાણી-ડ્રેનેજ સુવિધા અપાશે

**112 કરોડની** વિશાળ વિકાસ યોજના અમલમાં મૂકવા તૈયારી, એરુ, ધારાગીરી, દાંતેજ અને હાંસાપોરમાં આધુનિક માળખું ઊભું થશે

**25 હજારથી** વધુ લોકોને મળશે મૂળભૂત સુવિધાઓ, બાદમાં સ્ટ્રીટલાઈટ, સૌંદર્યીકરણની ભેટ પણ અપાશે




નવસારીઃ નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરની સીમા વિસ્તારોમાં લાંબા સમયથી બાકી રહેલી પાણી પુરવઠા અને ડ્રેનેજ સમસ્યાના કાયમી ઉકેલ માટે રૂ.112 કરોડની વિશાળ વિકાસ યોજના અમલમાં મૂકવાની તૈયારી કરવામાં આવી છે. આ યોજનાથી અંદાજે 25,000થી વધુ નાગરિકોને સીધો લાભ મળશે અને જીવનની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થવાની શક્યતા છે.

આ યોજના મુખ્યત્વે એરું, ધારાગીરી, દાંતેજ અને હાંસાપોર જેવા વિસ્તારોને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. 1 જાન્યુઆરી 2025થી વિજલપોર નગરપાલિકાનો નવસારી મહાનગરપાલિકામાં વિલય થયા બાદ આ ગામો શહેરના ભાગરૂપે આવ્યા છે, પરંતુ અહીં હજુ સુધી પૂરતી ડ્રેનેજ વ્યવસ્થા અને શુદ્ધ પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ ન હતી. જેના કારણે રહિશોને રોજિંદી જીવનમાં તકલીફો સહન કરવી પડતી હતી.નવા પ્રોજેક્ટ અંતર્ગત પીવાના પાણી માટે નવી લાઈન બિછાવવામાં આવશે, ઊંચી ટાંકી બનાવાશે અને પાણી સંગ્રહ માટે અંડરગ્રાઉન્ડ સંપ તૈયાર કરાશે. સાથે જ ગંદા પાણીના નિકાલ માટે ડ્રેનેજ પાઈપલાઈન, પમ્પિંગ સ્ટેશન અને આધુનિક સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) ઉભા કરાશે. પાણીની ગુણવત્તા જાળવવા માટે નવો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) પણ સ્થાપિત કરાશે.આ યોજનાથી નવસારીના બહારના વિસ્તારોમાં રહેતા નાગરિકોને સ્વચ્છ પાણી, યોગ્ય ડ્રેનેજ અને સુવ્યવસ્થિત રસ્તાઓ મળશે, જેના કારણે શહેરનો સર્વાંગી વિકાસ થશે અને નવસારી વધુ સ્વચ્છ, સુવિધાસભર અને રહેવા લાયક શહેર બનશે એવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### રોડ પહોળા કરવા, સ્ટ્રીટલાઈટ, સ્ટોર્મ વોટરલાઈન ઉપરાંત સૌંદર્યીકરણનાં કામો પણ હાથ ધરાશે

આ વિકાસ સાથે રોડની પહોળાઈ વધારવી, સ્ટ્રીટ લાઈટ લગાવવી, વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટર લાઈન બનાવવી તેમજ ગાર્ડન અને તળાવોના સૌંદર્યીકરણ જેવા કામો પણ હાથ ધરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા સફાઈ વ્યવસ્થા વધુ મજબૂત બનાવવા ડોર-ટુ-ડોર કચરા સંકલન, સિવિક સુવિધા કેન્દ્ર અને વિહારધામ જેવા પ્રોજેક્ટો પણ અમલમાં મૂકવામાં આવશે.

### પ્રથમ તબક્કામાં પાણી-ડ્રેનેજની મૂળભૂત વ્યવસ્થા ઉભી કરાશે

મહાનગરપાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રથમ તબક્કામાં ચારેય વિસ્તારોમાં પાણી અને ડ્રેનેજની મૂળભૂત વ્યવસ્થા ઉભી કરવામાં આવશે અને ત્યારબાદ અન્ય સુવિધાઓ વિકસાવવામાં આવશે. કામને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે કોન્ટ્રાક્ટરોને સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે.

## ટ્રેનમાંથી ચોરાયેલા 34 હજારના દાગીના મુસાફરને પરત કરાયા

વલસાડઃ વલસાડમાં "Mission Safe Station" અંતર્ગત વલસાડ રેલવે પોલીસે ટ્રેન મુસાફરી દરમિયાન ચોરી થયેલા રૂ.૩૪,૦૦૦/- ની કિંમતના સોના-ચાંદીના દાગીના શોધી કાઢી, માલિકને પરત કર્યા છે. ૨૦/૧૨/૨૦૨૫ના રોજ વાપી રેલવે સ્ટેશનથી વિરાર-સુરત પેસેન્જરમાં મુસાફરી કરી રહેલા પ્રદીપકુમાર પાનીગ્રાહી જ્યારે ઊંઘમાં હતા, ત્યારે વેડછા રેલવે સ્ટેશન પાસે કોઈ અજાણ્યો શખ્સ તેમના બેગમાંથી કિંમતી દાગીના સોનાનું બ્રેસલેટ સોનાની વીંટી મળીને કુલ્લે 34,હજારની મતાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે વલસાડ રેલવે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી. જે ફરીયાદને લઈને રેલવે પોલીસે આરોપીને પકડીને ચોરાયેલો માલ માલિક પ્રદીપકુમાર સિમન્ચલ પાનીગ્રાહી (રહે. જલારામ સોસાયટી, વાપી)ને વલસાડ રેલવે પોલીસ સ્ટેશન ખાતે બોલાવવામાં આવ્યા હતા. "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ હેઠળ તેમને તેમનો કિંમતી સામાન તેમને પરત સોંપવામાં આવ્યો હતો.

## ઠંડી ઉતરાણ ઉજવીને જતી રહી? તાપમાન 4.4 ડિગ્રી વધીને 15.3

**નવસારીમાં** બપોરે મહત્તમ તાપમાન પણ 3 ડિગ્રી વધીને 32.5 થતાં ગરમી અનુભવાઈ

નવસારીઃ નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) દ્વારા જાહેર કરાયેલા હવામાન આંકડાઓ મુજબ 15 જાન્યુઆરી 2026ના રોજ વિસ્તારમાં સિઝનનું સૌથી નીચું તાપમાન નોંધાયું હતું. આ દિવસે લઘુત્તમ તાપમાન 11.0 ડિગ્રી સેલ્સિયસ સુધી ઉતરતાં વહેલી સવારમાં ઠંડકનો તીવ્ર અહેસાસ થયો હતો. મહત્તમ તાપમાન 29.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારની ભેજ 88 ટકા અને સાંજની ભેજ 35 ટકા રહી હતી, જ્યારે પવનની ગતિ 2.6 કિ.મી./કલાક અને દિશા શાંત રહી હતી.

બીજી તરફ 16 જાન્યુઆરી 2026ના રોજ તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. મહત્તમ તાપમાન 32.5 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 15.4 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જેથી ઠંડીમાંથી થોડું ઉષ્માભર્યું વાતાવરણ અનુભવાયું હતું. સવારની ભેજ 95 ટકા અને સાંજની ભેજ 35 ટકા નોંધાઈ હતી. પવનની ગતિ 1.9 કિ.મી./કલાક રહી અને દિશા દક્ષિણ-પશ્ચિમ રહી હતી.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ હાલ ઉત્તરથી આવતી ઠંડી હવાની અસર ઘટી રહી છે અને દક્ષિણ-પશ્ચિમ તરફથી ગરમ હવાની આવક શરૂ થતાં આગામી દિવસોમાં તાપમાન ધીમે ધીમે વધવાની શક્યતા છે. ખેડૂતોને સલાહ આપવામાં આવી છે કે પાકોમાં ભેજ જાળવવા અને સિંચાઈનું યોગ્ય આયોજન કરે.

## 500ની જાલી નોટ છાપવાના કેસમાં બંને આરોપી કસ્ટડીમાં

વાપીઃ રૂ.500ના દરની નકલી ચલણી નોટ છાપવાના રેકેટમાં એલસીબી ટીમે હરીયા પાર્કમાં નક્ષત્ર પેલેસના ફ્લેટમાંથી સંજય સોમનાથ પવાર (ઉં.51, રહે. ચણોદ કોલોની, વાપી, મૂળ કપરાડા તાલુકાના ભંડારકચ્છ તથા નાશિક જીલ્લાના અંદરસુલ, મહારાષ્ટ્ર) અને છાયાદેવી સુદેશ મંડલ (ઉં.40, હાલ રહે. મંગલ કોમ્પ્લેકસ, ભડકમોરા-વાપી)ને ઝડપી પાડી વાપી કોર્ટમાં રજૂ કર્યા હતા અને તે બાદ નવસારી કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા. સંજય પવાર પાસેથી સોલ્ડર બેગમાંથી કોરા કાગળ ઉપર રૂ.500ના દરની ખોટી ભારતીય ચલણી નોટ 144 મળી આવી હતી. છાયાદેવીના ફ્લેટમાંથી બનાવટી રૂ.500ના દરની નોટો નંગ-4716 મળી આવી હતી. છાયાદેવીએ રૂ.80 લાખની લાલચે રૂ.30 લાખ આપેલા હતાં.

## અતુલ બ્રિજ નજીક સિરિયલ એક્સિડન્ટ, 8 કારનો ખુરદો

**હાઈવે** પર ટ્રકે અચાનક બ્રેક મારી દેતાં પાછળથી એકપછી એક વાહનો ધડાકાભેર અથડાયાં, જાનહાનિ ટળતા રાહત

વલસાડઃ મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર વલસાડના અતુલ ઓવરબ્રિજ પાસે આજે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. વાપીથી સુરત તરફ જઈ રહેલી એક ટ્રકે અચાનક બ્રેક મારી દેતા તેની પાછળ આવી રહેલી સાતથી આઠ જેટલી કાર એકબીજા સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ વિચિત્ર અકસ્માતને પગલે હાઈવે પર ભારે અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો.

મળતી માહિતી મુજબ, વાપી તરફથી સુરત જતી લેન પર અતુલ ઓવરબ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી એક ટ્રક ચાલકે કોઈ કારણસર અચાનક જોરદાર બ્રેક મારી હતી. હાઈવે પર વાહનોની ગતિ તેજ હોવાથી, ટ્રકની પાછળ આવી રહેલા વાહન ચાલકો કાબૂ મેળવે તે પહેલા જ એક પછી એક એમ કુલ 8 જેટલી ગાડીઓ પાછળથી અથડાઈ હતી.

સદનસીબે આ ભયાનક અકસ્માતમાં તમામ ગાડીઓના ચાલકો અને મુસાફરોનો આબાદ બચાવ થયો છે. જો કે, ટક્કર એટલી જોરદાર હતી કે તમામ 8 ગાડીઓને ભારે નુકસાન પહોંચ્યું છે. કેટલીક ગાડીઓના બોનેટ અને પાછળના ભાગનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

અકસ્માતને કારણે નેશનલ હાઈવે પર સુરત તરફ જતો ટ્રાફિક સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો અને વાહનોની લાંબી કતારો લાગી હતી. ઘટનાની જાણ થતા જ વલસાડ રૂરલ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.

પોલીસે ક્રેન દ્વારા અકસ્માતગ્રસ્ત વાહનોને રોડ સાઈડ ખસેડી ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી છે અને ટ્રક ચાલક વિરુદ્ધ આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

## વલસાડના ઐતિહાસિક ટાવરના પુનઃનિર્માણ મુદ્દે વેપારીઓમાં રોષ

**શહેરની** આન અને ઓળખ સમાન ટાવર બિલ્ડિંગ હજુ તો મજબૂત, છતાં તોડી પાડવાની આટલી ઉતાવળ કેમ?



વલસાડઃ વલસાડ શહેરની શાન અને ઓળખ સમાન ઐતિહાસિક ટાવર બિલ્ડિંગને તોડી પાડી નવું 'હેરિટેજ ટાવર' બનાવવાની વલસાડ નગરપાલિકાની હિલચાલે વિવાદનો મધપૂડો છંછેડ્યો છે. પાલિકા દ્વારા લાદવામાં આવેલા આર્થિક બોજ અને તોડી પાડવાના નિર્ણય સામે સ્થાનિક વેપારીઓએ 'હલ્લાબોલ' કરી આંદોલનાત્મક વલણ અપનાવ્યું છે. રૂ.૫૪૦૦નો ભાવ અને 'ગર્ભિત ધમકી'નો આક્ષેપ તાજેતરમાં પાલિકા પદાધિકારીઓ અને વેપારીઓ વચ્ચે યોજાયેલી બેઠક તોફાની રહી હતી. વેપારીઓનો આક્ષેપ છે કે ચીફ ઓફિસર અને પાલિકાના સત્તાધીશોએ નવી દુકાનો માટે રૂ.૫,૪૦૦ પ્રતિ સ્ક્વેર ફૂટનો ભાવ નક્કી કરી, દરેક વેપારીએ અંદાજે રૂ.૨૦ લાખ ચૂકવવા જ પડશે, તેવી ગર્ભિત ધમકી આપી હોવાની ચર્ચા છે.

બજારમાં હાલનો ભાવ રૂ.૧,૬૦૦થી રૂ.૧,૭૦૦ની આસપાસ છે. સરકાર દ્વારા આ પ્રોજેક્ટ માટે રૂ.૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હોવા છતાં વેપારીઓ પાસેથી આટલી મોટી રકમ ઉઘરાવવી તે અન્યાયી છે. મજબૂત બિલ્ડિંગને તોડવાની ઉતાવળ કેમ? વેપારીઓએ બિલ્ડિંગની સ્ટ્રક્ચરલ મજબૂતી પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, વર્તમાન ટાવર હજુ પણ ૪૦થી ૫૦ વર્ષ સુધી અડીખમ રહી શકે તેમ છે. તો પછી તેને તોડી પાડીને સેંકડો પરિવારોની આજીવિકા જોખમમાં મૂકવાની ઉતાવળ શા માટે કરવામાં આવી રહી છે? તેવો સવાલ ઉઠાવવામાં આવ્યો છે. નાના વેપારીઓ પર આર્થિક સંકટ પુનઃનિર્માણના ગાળા દરમિયાન વેપારીઓએ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. પાલિકા વેપારીઓના પૈસે નવું બિલ્ડિંગ બનાવવા માંગે છે અને આમાં દાળમાં કંઈક કાળું હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### વેપારીઓએ અન્યત્ર ભાડું ખર્ચવું પડશે, કામ સમયસર પૂર્ણ થશે કે કેમ?

મોંઘું ભાડું: કામ ચાલતું હોય ત્યારે અન્યત્ર દુકાન રાખવા માટે માસિક રૂ.૪૦,૦૦૦થી રૂ.૬૦,૦૦૦ ભાડું ચૂકવવું નાના વેપારીઓ માટે અશક્ય છે. સમયમર્યાદા પર અવિશ્વાસઃ પાલિકાએ ૧૮ મહિનામાં કામ પૂરું કરવાનું વચન આપ્યું છે, પરંતુ વેપારીઓએ શાકભાજી માર્કેટનું ઉદાહરણ આપતા કહ્યું કે, જે કામ ૩ વર્ષે પણ પૂરું નથી થયું, તેના પર વિશ્વાસ કેવી રીતે કરવો?

### તંત્ર કોઈ મધ્યમ માર્ગ નહીં કાઢે તો વિરોધ વધુ ઉગ્ર બનાવવા તૈયારી

નગરપાલિકાના પ્રમુખ માલતીબેન ટંડેલ અને ચીફ ઓફિસર કોમલ ધનૈયા સાથેની બેઠક અનિર્ણિત રહ્યા બાદ, વેપારીઓએ મક્કમ નિર્ધાર કર્યો છે. આગામી ૧૦ દિવસમાં વેપારી મંડળ ફરીથી પાલિકા તંત્ર સમક્ષ પોતાની અંતિમ માંગણીઓ રજૂ કરશે. જો તંત્ર દ્વારા કોઈ મધ્યમ માર્ગ કાઢવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ વિરોધ વધુ ઉગ્ર બને તેવી શક્યતા છે.

## પિકઅપે પાછળથી ટક્કર મારતાં ટેમ્પો પલટ્યો એકનું મોત, બે ઘાયલ

**ઉભરાટ**-મરોલી રોડ પર નિમળાઈ ગામ પાસેની ઘટના, ટેમ્પોમાં સવાર એક મહિલા અને તેનું નાનું બાળક પણ ઈજાગ્રસ્ત

નવસારીઃ મરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નિમળાઈ ગામના બસ સ્ટેન્ડથી પશ્ચિમે એક કિમી દૂર, ઉભરાટથી મરોલી તરફ જતા જાહેર રોડ પર સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે, જ્યારે એક મહિલા અને નાનું બાળક ઈજાગ્રસ્ત થયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ફરીયાદી ચંદનકુમાર શ્રીરામ જાટો (ઉ.વ. ૧૯), જે હાલ પાંડેસરા, સુરત ખાતે રહે છે અને વ્યવસાયે ડ્રાઈવિંગ કરે છે, તેમણે મરોલી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ૧૫/૦૧/૨૦૨૬ના રોજ સાંજના અંદાજે ૬:૩૦ વાગ્યાના અરસામાં બની હતી. જે મુજબ, મહિન્દ્રા બોલેરો પીકઅપ (રજી.નં. GJ-02-BT-3888)નો અજાણ્યો ચાલક નિમળાઈ ગામના બસ સ્ટેન્ડથી પશ્ચિમે એક કિમી દૂર ઉભરાટથી મરોલી તરફ જતા રોડ પર સાઈડ લાઈટ ચાલુ કર્યા વિના પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી રહ્યો હતો.

આ દરમિયાન તેણે પાછળથી અતુલ શક્તિ ટેમ્પો (રજી.નં. GJ-19-WB-4553)ને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે ટેમ્પો રોડ પર પલ્ટી ખાઈ ગયો.

આ અકસ્માતમાં ટેમ્પોમાં બેઠેલી એક મહિલા અને નાનું બાળક ઈજાગ્રસ્ત થયા છે, જ્યારે ફરીયાદીની બાજુમાં બેઠેલા નરેન્દ્રભાઈને માથાના ઉપરના ભાગે તથા ડાબા પગના સાથળના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. અકસ્માત બાદ બોલેરો પીકઅપનો ચાલક વાહન લઈને ફરાર થઈ ગયો હતો. મરોલી પોલીસે અજાણ્યા બોલેરો પીકઅપના ચાલક સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## વાપીમાં આવતીકાલે વાઈબ્રન્ટ સ્ટ્રીટ ઈવેન્ટ એડ્યુવોક યોજાશે

**વલસાડ** જિલ્લા સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ એસો. દ્વારા આયોજન, 50 શાળાના શિક્ષકો-વિદ્યાર્થીઓ ભાગ લેશે

વાપીઃ વલસાડ જિલ્લા સ્કૂલ એસોસિએશન દ્વારા વાપીમાં પ્રથમ વખત 18મી જાન્યુઆરીના રોજ વાઈબ્રન્ટ સ્ટ્રીટ ઈવેન્ટ એડ્યુવોકનું આયોજન સવારે 6:00 કલાકથી 9:00 વાગ્યા સુધી કરવામાં આવ્યું છે. વલસાડ જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસો.વલસાડના ફાઉન્ડર કપિલ સ્વામી, રામસ્વામી, પ્રમુખ ડો.અલ્પા કોટડીયા, મહામંત્રી મિત્તલ ધાખડા, ખજાનચી મુકેશ પટેલે ઉપસ્થિત રહી આ કાર્યક્રમની માહિતી આપી હતી.

આ ઈવેન્ટમાં વલસાડ જિલ્લાની 50 જેટલી શાળા એક મંચ ઉપર આવી રહી છે, જે એક ઐતિહાસિક એકતાની બાબત બની રહેશે. વાપી જીઆઈડીસી ગુંજન રેમન્ડ સર્કલથી ઓપન હાઉસમાં આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ એક વાઈબ્રન્ટ સ્ટ્રીટ ઈવેન્ટ છે, જેનું ગુજરાત રાજ્યમાં પ્રથમ વખત આ પ્રકારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. એડ્યુવોક એક રમતિયાળ શેરી કાર્યક્રમ છે. જ્યાં વિદ્યાર્થીઓ સર્જનાત્મકતા, મનોરંજન અને શીખવાનો આનંદ માણવા માટે ભેગા થાય છે. ભારતીય સાંસ્કૃતિક નૃત્ય, નુક્કડ ડ્રામા, શારીરિક તંદુરસ્તી માટે યોગાસન તથા અન્ય શેરી રમતો, પ્રાચીન રમતોનો સમાવેશ થાય છે.

આ ઈવેન્ટમાં વલસાડ જિલ્લા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોની સભ્ય એવી 115 સ્કૂલ સામેલ છે. જે પૈકી 50 શાળાના શિક્ષક-વિદ્યાર્થીઓ સક્રિય રીતે ભાગ લેશે. એટલું જ નહીં જિલ્લા પોલીસ પણ આ કાર્યક્રમની સથવારે મુખ્યત્વે ચાર બાબતને સાંકળી લેતાં પોઈન્ટ રજૂ કરશે. જેમાં સાયબર ક્રાઈમ, ડ્રગ્સ અવર્નેસ, ગુડ ટચ, બેડ ટચ તથા ટ્રાફિક જાગૃતિ અભિયાનનો સમાવેશ થાય છે.

## કલાયતન દ્વારા વલસાડમાં સંગીત સમારોહ યોજાયો

વલસાડઃ કલાયતન વલસાડ દ્વારા વલ્લભ શિક્ષણ સંગીત આશ્રમના સહયોગથી ત્રિદિવસીય સંગીત સમારોહનું આયોજન વલ્લભ આશ્રમ ઓડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સિતારવાદન, સરોદવાદન, તબલા, નૃત્ય સહિતની પ્રસ્તૂતિએ રંગ જમાવ્યો હતો. કાર્યક્રમનું મુખ્ય પદ માનસી દીવાને શોભાવ્યું હતું. કલાયતનના પ્રમુખ ડો મનીષ મોદીએ સૌને આવકાર્યા હતા. વિરલ ગાંધી, દિલીપ વિસ્પુતે તથા ચેતન ચાંપાનેરીએ કલાકારોનો પરિચય કરાવ્યો હતો. સંચાલન તન્વી મોદી, હેમલતા ગદરે તથા તન્વી પટેલે કર્યું હતું.

## વાપી વટાર કુંતા રોડનું વાઈડિંગ મંથરગતિએ

વાપીઃ વાપીના વટાર કુંતા રોડની પહોળાઈ વધારવાનું કાર્ય ચાલી રહ્યું છે. જો કે જે પ્રમાણે આ કામ થઈ રહ્યું છે તે જોતા એમ લાગી રહ્યું છે કે ક્યારે આ રોડનું કામ પૂર્ણ થશે. તેમજ આ રોડ ઉપર નિરીક્ષણ માટે સ્થળ પર કોઈ સક્ષમ વ્યક્તિ પણ હાજર જોવા મળતા નથી. રોડની બાજુમા જે વોલ બનાવી છે તે કયાંક અધુરી જણાય છે અને માટી પુરાણનું કામ પણ પૂર્ણ કરવામાં આવ્યું નથી. જેથી અહીં અકસ્માત થવાની સંભાવના રહે છે. એક તો રોડ સાંકડો છે અને રોડ સાઈડ પર માટી પુરાણનું કામ અધુરું હોય સામસામે વાહન પસાર થવામાં મુશ્કેલી પડે છે. તો આ કામ સાથે સંકળાયેલા સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાકટર તાત્કાલિક જરૂરી પગલા તે જરૂરી છે. સ્થાનિક લોકો આ રસ્તાનું કામ બરાબર થાય તેવી માગ કરી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચણવઈ પીએચસી ખાતે સગર્ભા માતાઓની વિનામૂલ્યે સઘન તપાસ



વલસાડ: પ્રધાનમંત્રી સુરક્ષા માતૃત્વ યોજના હેઠળ આજે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચણવઇ ખાતે શુક્રવારે જોખમી સગર્ભા માતાઓની સઘન તપાસ પારડી હોસ્પિટલના obstetrician & Gynaecologist ડો.કુરેશા કુરેશી (M.D.) મારફત વિનામૂલ્યે કરવામાં આવી હતી. હાજર રહેલી તમામ સગર્ભા માતાઓની પોષણ સબંધિત અને પ્રસૂતિ પૂર્વેની સંભાળ અંગે પણ કાઉન્સેલિંગ કરવામાં આવ્યું અને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. ફેમિલી વેલ્ફર પ્લાનિંગની પણ સાથે સમજૂતી આપવામાં આવી હતી. માતા અને બાળ આરોગ્ય માટે આવા કેમ્પો જરૂરી બની રહ્યાં છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ સ્ત્રી આરોગ્ય કર્મચારીઓને પ્રસૂતિ પૂર્વેની તપાસ અને સંભાળ અંગે પણ તાલીમ આપવામાં આવી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચણવઇના તબીબી અધિકારી ડો.રાધિકા ટીક્કુના નેજા હેઠળ આ કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો.

### BMCમાં ભાજપ ગઠબંધનની જીત થતાં દમણ ભાજપે વિજયોત્સવ મનાવ્યો



દમણ: મહારાષ્ટ્રની કુલ 29 મ્યુનિસિપલ કોર્પોરેશન સહિત દેશની સૌથી મોંઘી મ્યુનિસિપલ કોર્પોરેશન બીએમસી માટે ગુરુવારના રોજ મતદાન હાથ ધરવામાં આવ્યું હતું. જેનું પરિણામ આજે શુક્રવારે જાહેર થતાં ભાજપ ગઠબંધને બીએમસીમાં મોટી જીત હાંસલ કરતા મહારાષ્ટ્ર સહિત સમગ્ર દેશભરમાં ભાજપના કાર્યકરો દ્વારા વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. સંઘપ્રદેશ દાનહ દમણ દીવ ભાજપ દ્વારા આજે સાંજે પ્રદેશ કાર્યાલય ખાતે પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયાના નેજા હેઠળ પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકરોએ ફટાકડા ફોડી એકબીજાને મીઠાઈ ખવડાવી વિજયોત્સવ મનાવ્યો હતો. આ પ્રસંગે પાર્ટીના સચિવ જીગ્નેશ ડી.પટેલ, જિ.પં.ના પ્રમુખ ધરમ પટેલ, ભાજપ શહેર પ્રમુખ પિયુષ પટેલ, જીલ્લા પ્રમુખ ભરત પટેલ, પૂર્વ નગર પાલિકા પ્રમુખ અસ્પી દમણિયા, આશિષ ટંડેલ, ચંદ્રગીરી ટંડેલ સહિત પાર્ટીના અન્ય પદાધિકારીઓ અને મહિલા- પુરુષ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### વાપીના છીરી જ્ઞાનગંગા સ્કૂલમાં આર્મી ડે ઉજવણી




વાપી: વાપી નજીકના છીરીની જ્ઞાનગંગા શાળામાં આર્મી ડેની ઉજવણી કરવામાં આવી હતી. ધો.1 અને 2ના વિદ્યાર્થીઓ આર્મી યુનિફોર્મ પહેરીને આવ્યા હતા. શાળા પરિસર આર્મી બટાલિયન છાવણીમાં પરિવર્તન થઈ ગયું હોય તેવું લાગી રહ્યું હતું. શાળાના ચેરમેન સંદીપ આર.પટેલે જણાવ્યું કે, આર્મી ડે ઉજવવાનો શાળાનો મુખ્ય ઉદેશ્ય શાળાના વિદ્યાર્થીઓને દેશના જવાનો જે સરહદ ઉપર હાજર રહી આપણી રક્ષા કરી રહ્યા છે, તેના વિશે જાણકારી મળે અને તેમના પ્રત્યે સન્માનની ભાવના જાગે. તેમજ તેઓ કેવી રીતે પરેડ કરે છે, કેવી રીતે ડિસિપ્લીનમાં રહે છે, તે અંગે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પણ ભવિષ્યમાં આર્મીમાં જવા અંગે પ્રોત્સાહન મળે. શાળાના વિદ્યાર્થીઓએ ઓપેરશન સિંદૂર ઉપર સુંદર નૃત્ય સાથે નાટક રજૂ કર્યું હતું.

### ઉમરગામથી 200થી વધુ સાંઈભક્તો પગપાળા શ્રી શિરડી સાંઈ દર્શને નીકળ્યા




ઉમરગામઃ ઉમરગામ ટાઉનથી 200થી પણ વધુ સાંઈ ભક્તો પગપાળા શ્રી શેરડી સાંઈ દર્શને જવા નીકળ્યા હતા, આ સાઈ પાલકી યાત્રાનું ઠેર ઠેર સ્વાગત થયું હતું. ઉમરગામનાં સાંઈ મંદિરથી શીરડી પગપાળા જવા માટે સાંઈ ભક્તો શુક્રવારના રોજ નીકળ્યા હતા. સવારે પાંચ કલાકે આરતી કરી પાલખીનું વિધિવત પૂજન કરી વાજતે ગાજતે પાલખીને પ્રસ્થાન કરવામાં આવી હતી. આ પાલખી યાત્રાનું નગરમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પાલખી ઉમરગામ ટાઉનથી સ્ટેશનના માર્ગ ઉપર થઈ નીકળી હતી, જ્યાં ઘણી જગ્યાઓ ઉપર સેવાભાવી લોકો, સામાજિક સંસ્થાઓ તેમજ મિત્રમંડળ દ્વારા ભક્તજનો માટે ચા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાલખી પદયાત્રા 23મીએ શીરડી સાંઈબાબાના મંદિરે પહોંચશે અને દર્શન કરીને પરત ફરશે. 18 વર્ષથી આ પાલખી પદયાત્રાનું આયોજન થઈ રહ્યું છે.

### આજે વલસાડ બુધસભા દ્વારા બાઉલ ઉત્સવનું આયોજન

વલસાડ: વલસાડની સાહિત્યીક સંસ્થા બુધસભાના 11 વર્ષની સફળ યાત્રાને અનુલક્ષી શનિવાર 17-01-26ના રોજ બાઉલ ઉત્સવનું આયોજન કરાયું છે. બંગાળી ગીતોનું ભક્તિ સંગીત એમના વિશેષ વાદ્ય સાથે બંગાળના બાઉલ કલાકાર લેફ્ટ. સતિષ વ્યાસ-શબ્દ તેમની ટીમના સથવારે રજૂ કરશે. વલસાડના મગોદ ગામે શાંતિ મંદિરના વિશાળ ઓડિટોરિયમમાં સાંજે 5 કલાકે યોજાનાર આ વિશેષ બાઉલ ઉત્સવનો લાભ લેવા સાહિત્ય રસિકોને બુધસભા દ્વારા એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે.


કોઈ આપે કોઈપણ સ્કીમ કે ભાવમાં ડીસ્કાઉન્ટ
સૌથી સસ્તુ તો આપે એક જ
આર.એ.પરીખ જ્વેલર્સ
આંતલીયા, બીલીમોરા (પૂર્વ)
મો. 9825558181
916 હોલમાર્ક HUID દાગીનાનો આજનો ભાવ
₹1,25,990 પ્રતિ 10 ગ્રામ